# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **બાળકો અને તરુણોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે ટાઈપ- 1 ડાયાબીટીસ નિયંત્રણ કાર્યક્રમનો આજથી રાજ્યવ્યાપી આરંભ.**
2. **રાજ્યના 26 સનદી અધિકારીઓની બદલીના આદેશ.**
3. **દિવ પોલીસે ટેકનોલોજીની મદદથી નાગરિકોના ગુમ થયેલા મોબાઇલ શોધીને મૂળ માલિકોને પરત કર્યા.**
4. **આજથી રાજ્યમાં ઠંડીનો ચમકારો વધે તેવી આગાહી**
5. **આજથી શરૂ થતી વિજય હઝારે ટ્રોફીમાં ગુજરાત, સૌરાષ્ટ્ર અને બરોડાની પ્રારંભિક મેચ.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# CM ON TYPE DIABETES

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે ગાંધીનગર ખાતેથી રાજ્યના બાળકો અને તરુણોના સ્વાસ્થ્યની સુરક્ષા માટે “ટાઈપ-1 ડાયાબીટીસ (જુવેનાઈલ ડાયાબીટીસ) નિયંત્રણ કાર્યક્રમ”નો રાજ્યવ્યાપી શુભારંભ કરાવશે.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યમાં જુવેનાઈલ ડાયાબીટીસ ધરાવતા તમામ દર્દીઓને વહેલું નિદાન, સચોટ સારવાર અને લાંબાગાળાની સંભાળ પૂરી પાડી તેમને ગુણવત્તાસભર જીવન આપવાનો છે.

---

# IAS TRANSFER

રાજ્યના 26 સનદી અધિકારીઓની સાગમટે બદલીના સરકાર દ્વારા આદેશો કરાયા છે. જેમાં મુખ્યમંત્રી કાર્યાલયમાં સંજીવ કુમારને CMOમાં અગ્ર સચિવ તરીકે નિયુક્ત કરાયાં છે. જ્યારે ગૃહ વિભાગનો વધારાનો હવાલો પણ તેમને સોંપાયો છે. વિક્રાંત પાંડેને મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ બનાવાયા છે, અને માહિતી પ્રસારણનો વધારાનો હવાલો પણ તેમને સોંપ્યો.

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ગઇકાલે મોડી સાંજે બદલીઓના આ આદેશો કરવામાં આવ્યા છે. રમત ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગના અગ્ર સચિવ અશ્વિનીકુમારની બદલી કરીને ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અગ્ર સચિવ તરીકે નિયુક્ત કરાયા છે.

જ્યારે મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ તરીકે કાર્યરત અવંતિકા ઔલખની બદલી કરીને ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગમાં ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના એમડી તરીકે નિયુક્ત કરાયા છે.

---

# DRUGS

અમદાવાદના કાંરજ વિસ્તારમાંથી  ક્રાઇમ બ્રાંચ ડ્રગ્સ સાથે એક વ્યક્તિની ધરપકડ કરી હતી. શહેરના પાલિકા બજાર વિસ્તારમાં એક વ્યક્તિ પાસેથી 13 ગ્રામ મેફેડ્રોન અને મોબાઇલ જપ્તા કરવામાં આવ્યો  હતો. પોલીસને મળેલી બાતમીના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

આ ઉપરાંત શહેર  કોટડા વિસ્તારમાંથી ક્રાઇમ બ્રાંચે એક ઇસમ  ને એક કિલો કરતાં વધુ ગાંજાના જથ્થા સાથે ઝડપ્યો હતો.

---

# DIU MOBILE SEARCH

દીવ પોલીસ વિભાગ દ્વારા ગુમ થયેલ મોબાઈલ ફોન શોધીને  તેમના માલિકોને પરત સોંપવામાં આવ્યા.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવની પોલીસદ્વારા  CEIR પોર્ટલ પર નોંધાયેલા ખોવાયેલા અને ગુમ  થયેલા મોબાઇલ ફોન મેળવવા માટે ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન દીવ જિલ્લા તેમજ પડોશી રાજ્ય ગુજરાતના વિવિધ સ્થળોએથી આશરે 12 લાખ 82 હજારની કિંમતના 25 આવા  મોબાઇલ ફોન શોધી લેવાયા હોવાનું દિવના પોલીસ અધિક્ષક રામકૃષ્ણ સરને જણાવ્યું હતું.

## (બાઇટ : રામકૃષ્ણ સરન,દીવના પોલીસ અધિક્ષક)

---

# DANG JAHERNAMU

ડાંગ જિલ્લાના પ્રવાસન સ્થળોએ આવેલા જળાશયોમાં પ્રવેશવા સહિતની તમામ પ્રવૃતિ પર પ્રતિબંધ મુકાયો છે. આ અંગે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે જાહેરનામું બહાર પાડ્યું છે. તે અનુસાર જિલ્લાના જોવાલાયક સ્થળો જેવા કે નદી , ધોધ અને ચેકડેમ જેવા સ્થળોએ પાણીમાં પ્રવેશવા પ્રતિબંધ મુકાયો છે.

આ અંગે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ યુ.વી.પટેલે વધુ માહિતી આપી.

## બાઇટ : યુ.વી.પટેલ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ

---

# AAJI DEM BUCKET REPERING

રાજકોટમાં આવેલા આજી-૨ ડેમમાં બકેટ રિપેરિંગનું કામ શરૂ કરાયું છે. જેને કારણે જળાશયમાંથી પાણી ખાલી કરવા માટે ડેમના ચાર દરવાજા છ ઈંચ સુધી આજથી ખોલવામાં આવ્યા છે. જેને લઈ નદીના પટમાં અવરજવર કરવાની મનાઈ ફરમાવવામાં આવી છે. અડબાલકા , બાધી, દહીસરડા, ડુંગરકા, ગઢડા, હરીપર, ખંઢેરી, નારણકા , સખપર અને ઉકરડા ગામોને સાવચેત કરવામાં આવ્યા છે.

ડેમની પૂર્ણ જળ સપાટી 73.76 મીટર છે અને ડેમ હાલ 73.59 મીટર ભરાયેલો છે. ડેમમાં હાલ પાણીની આવક 30 ક્યુસેક છે, જ્યારે દરવાજા ખોલતા સમયે આઉટફ્લો એક હજાર 528 ક્યુસેક રહેશે.

---

# WEATHER

રાજ્યમાં આજથી ઠંડીનું જોર વધે તેવી શક્યતા છે. ઉત્તરથી પૂર્વના પવનો ફૂંકાતા ઠંડીમાં વધારો થશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

આજથી ત્રણ દિવસ દરમિયાન તાપમાનનો પારો બેથી ત્રણ ડીગ્રી ગગડશે તેવી આગાહી હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદિપ શર્માએ કરી છે.

## બાઈટ : પ્રદીપ શર્મા, વૈજ્ઞાનિક હવામાન વિભાગ

---

# GIR SOMNATH SURYGHAR YOJANA

ગીર સોમનાથ જિલ્લાના  કિસાન સૂર્યોદય યોજનાથી  ૮૨ હજાર થી વધુ ખેડૂતો લાભાન્વિત થયા છે.દિવસે વીજળી મળવાથી રાત ઉજાગરા દૂર થયા અને જાનવરોનો પણ ભય દૂર થતાં ધરતીપુત્રોમાં ખુશી પ્રવર્તી રહી છે..

આ અંગે ઉના તાલુકાના સીમર ગામના ખેડૂત સંજયસાંખટે જણાવ્યું હતું કે , આ યોજનાને કારણે ખેડૂતોની સમસ્યાઓનો ઉકેલ આવ્યો છે.

## બાઈટ: સંજયભાઈ સાંખટ, ખેડૂત

---

# VIJAY HAZARE TROPHY

આજથી વિજય હઝારે ટ્રોફીનો પ્રારંભ થશે. ગુજરાત ની રાજ્યની ત્રણેય ટીમની આજે મેચો રમાશે. આજથી એકશનમાં હશે. ગુજરાત અને સર્વસિસ વચ્ચે અલૂરમાં ગ્રુપ ડીનો મુકાબલો થશે. જ્યારે અલૂરમા જ ગ્રુપ- ડીમાં સૌરાષ્ટ્રની ટીમ આડિશા સામે વન ડે માં રમશે.

બરોડાની ટીમ ગ્રુપ-બીમાં સામેલ છે. તેઓ આસામમાં રમશે. મુંબઈની ટીમ જયપુરમાં તેની પહેલી મેચ આજે સિક્કિમ સામે ટકરાશે. વિજય હઝારે ટોર્ફીમાં રોહિત શર્મા, વિરાટ કોહલી જેવા ટોચના ખેલાડીમાં પણ પોતપોતાની ટીમોમાંથી આ ટૂર્નામેન્ટ રમશે.

---

# BHAVNAGAR ST INCOME

ભાવનગર એસ.ટી.માં નવેમ્બર - 2025માં નવ કરોડથી વધુની આવક પ્રાપ્ત થઈ છે. ભાવનગર વિભાગ દ્વારા ગત વર્ષ નવેમ્બર - 2024 ની સરખામણીએ નવેમ્બર -2025માં કુલ બે કરોડ 24 હજાર કિલોમીટરનુ વધુ સંચાલન કરવામાં આવ્યું છે.

ગત વર્ષની તુલનાએ કુલ 11 લાખ 80 હજાર કિલોમીટરનું સંચાલન થયુ છે. નવેમ્બર-2025માં ભાવનગર વિભાગને નવ કરોડથી વધુની આવક પ્રાપ્ત થઈ છે. આમ, પ્રતિ કિલોમીટર આવકમાં એક રૂપિયો અને 67નો વધારો થયો છે.

---

# FIT INDIA FIT MEDIA

મહેસાણા જિલ્લામાં 'ફિટ ઈન્ડિયા, ફિટ મીડિયા' થીમ હેઠળ એક નિઃશુલ્ક મેગા હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ 'વિકસિત ભારત – વિકસિત ગુજરાત'ના ધ્યેયને સાકાર કરવા તેમજ સમાજ નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા મીડિયા કર્મચારીઓના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવા માટે હાથ ધરવામાં આવ્યો હતો.

આ કેમ્પમાં મીડિયા કર્મચારીઓની સ્વાસ્થ્ય તપાસની સાથે સાથે બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, ઈસીજી, એકક્ષ રે અને હિમોગ્લોબિન વગેરેની તપાસ કરવામાં આવી હતી.

---

# NIMUBEN KHEL MAHOTSAV

કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણિયાએ ભાવનગર-બોટાદ જિલ્લા કક્ષાની બહેનો માટેની સાંસદ ખેલ મહોત્સવ સ્પર્ધાનો પ્રારંભ કરાવ્યો.

આ પ્રસંગે તેમણે કહ્યું, સાંસદ ખેલ મહોત્સવ થકી યુવાઓની પ્રતિભાને યોગ્ય મંચ મળ્યું છે. આ સ્પર્ધામાં જિલ્લાના  બે હજાર 500થી  વધુ મહિલા રમતવીરો સહભાગી થયાં.

---

# JAMNAGAR GIRLS CRICKET TOURNAMENT

ધીરૂભાઈ અંબાણીની જન્મજ્યંતિ નિમિતે જામનગરના મોટી ખાવડી ખાતે 27 ડિસેમ્બરે ગર્લ્સ ક્રિકેટ સ્પર્ધાનું આયોજન કરાયું છે. મેઘપર અને મોટી ખાવડી પ્રાથમિક શાળામા અભ્યાસ કરતી ધો.5થી 8ની વિદ્યાર્થીઓની 12 ટીમો ભાગ લેશે.

નોકઆઉટ ફોર્મેટમાં રમાનારી ટૂર્નામેન્ટમાં કુલ 11 મેચો રમાશે. તમામ મેચોના અંતે મેઘપર અને મોટી ખાવડી કલસ્ટરની વિજેતા ટીમો વચ્ચે ફાઈનલ મેચ રમાશે અને વિજેતા નક્કી કરાશે.

આ સ્પર્ધા દીકરીઓ માટે પોતાની ક્રિકેટ પ્રતિભા ઓળખવાનો એક મહત્વપૂર્ણ મંચ સાબિત થશે.

---

# WOMAN’S CRICKET

મહિલા ક્રિકેટમાં , ભારતે ગઈકાલે વિશાખાપટ્ટનમમાં પાંચ મેચની શ્રેણીના બીજા ટી20 આંતરરાષ્ટ્રીય મેચમાં શ્રીલંકાને સાત વિકેટથી હરાવ્યું.

શ્રીલંકાના 129 રનના લક્ષ્યનો પીછો કરતા , ભારતે 11.5 ઓવરમાં લક્ષ્ય હાંસલ કરી લીધું. ભારત માટે શેફાલી વર્માએ 34 બોલમાં અણનમ 69 રન બનાવ્યા અને વૈષ્ણવી શર્મા અને એન. શ્રી ચારણીએ બે-બે વિકેટ લીધી.

શ્રીલંકા માટે, કાવ્યા કવિંડી, મલ્કી મદારા અને કવિશા દિલહારીએ એક-એક વિકેટ લીધી. અગાઉ , ભારત મહિલા ટીમે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. પ્રથમ બેટિંગ કરતા , શ્રીલંકાએ નિર્ધારિત 20 ઓવરમાં 9 વિકેટે 128 રન

**બનાવ્યા. શ્રીલંકા માટે હર્ષિતા સમરવિક્રમાએ 33 રન સાથે સૌથી વધુ રન બનાવ્યા.**

**કેપ્ટન હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં , ભારત મહિલા ટી 20 વર્લ્ડ કપની તૈયારીઓના ભાગ રૂપે શ્રીલંકા સામે પાંચ ટી20 રમી રહ્યું છે. આ જીત સાથે, ભારત પાંચ મેચની શ્રેણીમાં 2-0 થી આગળ છે. શ્રેણીની આગામી મેચ 26 ડિસેમ્બરે તિરુવનંતપુરમમાં રમાશે.**

---